सत्यमेव जयते

# સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ-હારીજ

મૉડેલ સ્કૂલ કેમ્પસ, યુ.જી.વી.સી.એલ.ની બાજુમાં, રાધનપુર રોડ.
મુ.-હારીજ, તા-હારીજ, જીલ્લો-પાટણ

SHAPING THE WORLD FOR TOMORROW
GASC - HARIJ

## ૨૧ ઓગસ્ટ, ૨૦૨૩ વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, હારીજ દ્વારા તારીખ ૨૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ SSIP 2.0 વિભાગ અંતર્ગત વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં આર્ટ્સ અને વિજ્ઞાન પ્રવાહના કુલ ૫૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આજના સમયમાં ભારત જ્યારે વિકાશશીલ દેશમાથી એક વિકસિત દેશ બનવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ભારતનો નાગરિક એ Job seeker ન બનતા Job creator બને તે દિશામાં વિચારે તે વધુ યોગ્ય છે. વિદ્યાર્થીઓમા ભણતરની સાથે સાથે જ રોજગારલક્ષી વિચારોનું સર્જન થાય તેવા ઉમદા હેતુને સાર્થક બનાવવા માટે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી. મહેશભાઇ વી. પ્રજાપતિને કોલેજમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. મહેશભાઇ કે જેઓ એ હારીજ ખાતે સોલાર પ્લાન્ટનો બિઝનેશ ચલાવે છે. જેઓ 10 લોકોને રોજગાર આપી રહ્યા છે. તેમણે જીવનમાં યથાર્થ પ્રયત્નો અને ઘણી બધી તકલીફો બાદ આ મૂકમ કેવી રીતે પ્રાપ્ત કર્યું તેની માહિતી વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર આયોજન કોલેજના SSIP 2.0 કોઓર્ડીનેટર ડૉ. મયુર પટેલ અને ડૉ. કમલેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમસ્ત આયોજન કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ. મનીષાબેન શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

